મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૦ ટકા
ગાંધીનગર તાપમાન

નવરાત્રીમાં શહેરના યુવાવર્ગમાં કચ્છી ડ્રેસ હોટ ફેવરીટ

નવલી નવરાતમાં રૂ.૫૦૦ થી ૩૦૦૦ સુધી ભાડુ આપતા પણ યુવાનો ખચકાતા નથી

ગાંધીનગર, તા.૧૬

હે આવી આસોની રઢીયાળી રાત મોરી મા...નવલી નવરાતને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. શહેરના ખૈલેયાઓ માં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખૈલેયાઓ ગરબા કલાસમાં અવનવા સ્ટેપ્સ શીખીને ગરબા ગ્રાઉન્ડમાં ગરબે ઘુમવા થનગની રહ્યા છે ત્યારે ગરબે ઘુમતો યુવાવર્ગ અવનવા સ્ટેપ્સ સાથે ડ્રેસીંગ મામલે પણ ખાસ સચેત હોય છે. શહેરના યુવાનો નવરાત્રીમાં કચ્છી ચોયણી સાથે જયારે યુવતિઓ કચ્છી વર્ક ધરાવતો સ્પેશીયલ કંજરા ડ્રેસ સાથે ગરબે ઘુમતી જોવા મળશે. નવરાત્રીમાં ગરબે ઘુમતા યુવાનો નવરાત્રીમાં હજજારો રૂપીયા ખર્ચે કરતા પણ અચકાતા નથી.ત્યારે શહેરમાં વિવિધ સ્થળોએ ડ્રેસ વેચાણ તેમજ ભાડે આપવાના સ્ટોલ પણ લાગી ચુકયા છે. જેમાં રૂ.૫૦૦ થી લઈને ૩૦૦૦ ભાડુંડ્રેસ પ્રમાણે લેવામાં આવે છે. જયારે યુવાવર્ગમાં કચ્છી વર્કના ડ્રેસ હોટ ફેવરીટ બન્યા છે. ઓકસોડાઈસના ઓનાર્મેન્ટ કરતા કાપડના ઓનાર્મેન્ટ ખૈલેયાઓ સૌથી વધુ પસંદ કરે છે. ત્યારે નવરાત્રીને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે નવલી નવરાતની વિવિધ ખરીદીમાં યુવાવર્ગ મસ્ત બન્યો છે.

યુવાનો માટે ટ્રેડીશનલ ડ્રેસમાં ધોતી, કેડીયું, પાઘડી, ટોપી, કાબડી, કોટી, છત્રી, પછેડી, પટકો, જયારે ઓનાર્મેન્ટસમાં ગળામાં હાંસડી, માદડીયું, હાર, કાનના કુંડળ, હાથ-પગના કડા, તેવી જ રીતે બહેનો વિવિધ કચ્છી, ભરવાડી, સહિત પેચ વર્ક, મોતીવર્ક સહિતના ડ્રેસ સાથે બલૈયા, હાથ પગના પૌચા, ગળાના હાર, નથ, વીટીં, ટોપી, ઝાંઝર, સહિતના ચીજવસ્તુઓ પહેરીને ગરબે ઘુમે છે.

આ અંગે સુરમધુરના અર્પિતાબેન જણાવે છે કે તેઓના માં ક્રિએશન ખાતે કચ્છનું ઓરીજીનલ મટીરીયલ્સને અન્ય કપડામાં ડીઝાઈન કરીને અવનવા ડ્રેસ તૈયાર કર્યા છે. જે ખૈલેયાઓને ખુબ પસંદ પડશે. તેઓ વર્ષોથી નહી નફો નહી નુકશાનના ધોરણે વિવિધ ડ્રેસ ભાડે તેમજ વેચાણ આપે છે. આ વર્ષે તેઓએ ખાસ કંજરા ડ્રેસ તૈયાર કર્યો છે. જે ખાસ કચ્છની બહેનો પરંપરાગત પહેરતી હોય છે. જયારે યુવાનો માટે કચ્છી ચોયણા જે ત્યાંના સ્થાનિક નાગરીકો પહેરે છે. તેમના ત્યાં નાના બાળકથી લઈને તમામ વયજુથના ખૈલેયાઓ માટે અવનવા ડ્રેસ તેમજ ઓનાર્મેન્ટ ઉપલબ્ધ છે. રૂ.૩૦૦ થી લઈને ૨૦૦૦ સુધીના ડ્રેસ ભાડે મળે છે. તેમજ ખાસ ફાઈનલ રમવા અગાઉથી ખૈલેયાઓ ડ્રેસ બુકીંગ કરાવી જાય છે તેમ તેઓએ જણાવ્યું હતું. જયારે પનઘટ કલાવૃંદના ભાવિનભાઈ પટેલના જણાવ્યા મુજબ નવરાત્રીમાં યુવાનોમાં અનેરો ક્રેઝ હોય છે તે નવરાત્રીની કાગડોળે રાહ જોતા હોય છે. બે મહિના પહેલાથી પસીનો વહાવી અવનવા સ્ટેપ્સ શીખીને ગરબે ઘુમવા થનગને છે ત્યારે ડ્રેંસીગ તેમજ આભુષણો માટે પણ લખલુંટ ખર્ચ કરે છે. જેમાં રૂ.૩૦૦ થી લઈને ૧૫૦૦ સુધીના ડ્રેસ તેઓ ભાડે આપે છે. જયારે પેરમાં ડ્રેસ લેવો હોય તો રૂ.૨૫૦૦ તેમજ વધુ હોય છે. જયારે આભુષણોમાં પોંચા,બલૈયા, કાનની બુટ્ટી, નથ, સાથે અનેક વેરાયટી હોય છે.

જયારે વૃંદા ડ્રેસના સંચાલિકા મનિષા ખત્રીના જણાવ્યા મુજબ નવરાત્રી માટે તેઓ પણ ખાસ તૈયારી અગાઉથી કરી લેતા હોય છે દર વર્ષે માર્કેટમાં કંઈ નવી વેરાયટી આવી છે તે યુવાવર્ગને સૌથી વધુ પસંદ પડે છે તેમજ તે વસ્તુની વધુ માંગ હોય છે. તેઓના ત્યાં રૂ.૩૫૦ થી લઈને રૂ.૧૫૦૦ સુધીના ડ્રેસ ખૈલેયાઓ માટેના છે. જયારે તેઓના મત મુજબ અમદાવાદ અને ગાંધીનગરના ખૈલેયાઓની પસંદ અલગ અલગ છે. જયારે ગાંધીનગરના યુવાનો ભરવાડી વર્કના ડ્રેસ સૌથી વધુ પસંદ કરે છે.

વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૨ ખાતે નર્મહરિ ફાઉન્ડેશન દ્વારા નર્મદા રથનું સ્વાગત કરી મહાઆરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના ધર્મપત્નિ નીતાબેન માંડવિયા, સંસ્થા ચાલક ભૂમિ જોગાણી સહિત ૧૦૦થી વધુ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

● શહેરમાં બપોર પછી ફરી એકવાર આકાશમાં વાદળો ગોરંભાયા અને પશ્ચિમ ભાગમાં વાવોલ સહિતના વિસ્તારમાં વરસાદી ઝાપટું વરસ્યું હતું. વરસાદનો આ ત્રીજો રાઉન્ડ ઝડપથી આવી જતા રોડ રસ્તાના સમાર કામો પર પાણી ફરી વળ્યું છે અને પુરી દેવાયેલા ખાડા ફરી સજીવન થયા છે.

● ગાંધીનગર લોકલ કાઈમ બ્રાંચના એએસઆઈ કિરિટસિંહનું માંદગીના કારણે અવસાન થતા સમગ્ર પોલિસ આલમમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્વ. કિરિટસિંહ લાંબા સમયથી ટેકનિકલ એનાલિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યા હતા. જેમના કારણે અસંખ્ય ગુનાઓ ઉકેલવામાં સફળતા મળી હતી તેથી ગાંધીનગર પોલીસને મોટી ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

લાપતા યુવાનનું બાઈક સે-૩૦ પાસેના પુલ પરથી મળી આવ્યુ

ઘાટલોડીયાથી લાપતા થયેલા યુવાને નદીમાં ઝંપલાવ્યુ હોવાની આશંકાને પગલે નદીમાં શોધખોળ શરૂ કરાઈ

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય યુવાન બે દિવસથી લાપતા છે. આ યુવાનનું બાઈક આજે સે-૩૦ પાસે સાબરમતી નદીના પુલ પરથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. યુવાને નદીમાં ઝંપલાવ્યુ હોવાની આશંકાને પગલે નદીમાં શોધખોળ હાથ ધરવામાં આવી છે જો કે મોડી સાંજ સુધી તેના સગડ મળ્યા ન હતાં.

મળતી મહિતી મુજબ ઘાટલોડીયા વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય યુવાન વિરલ ચંદુભાઈ પટેલ બે દિવસથી ઘરેથી લાપતા છે. તેના પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા છે ત્યારે આજે પરીવારના સભ્યોને ગાંધીનગર સે-૩૦ સર્કલ નજીક સાબરમતી નદીના પુલ પરથી યામાહા બાઈક મળી આવ્યું હતું. વિરલનું બાઈક જોઈ પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. સે-૩૦ પાસે નદીના પુલ ઉપર બાઈક પાર્ક કરીને વિરલે નદીમાં પડતું મુકયું હોવાની શકયતાને આધારે પરિવારજનોએ ફાયરબ્રિગેડ અને પોલિસને જાણ કરતાં બંને ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી અને ફાયરબ્રિગેડની ટીમે નદીમાં બપોરથી શોધખોળ હાથ ધરી હતી પરંતુ મોડી સાંજ થઈ જવા છતાં તેની ભાળ મળી ન હતી.

શાળા એટલે બાળકોને જીવનના પાઠ શિખવાનું સ્થળ. જેમાં માત્ર પુસ્તક આધારિત શિક્ષણ નહી પરંતુ શારિરીક અને માનસિક સજ્જતા કેળવવાનું કેન્દ્ર પણ છે. એટલે જ તો શાળામાં રમતગમતના વિશાળ મેદાનો હોવા અત્યંત જરૂરી છે. અનેક શાળાઓમાં રમતગમતના મેદાનો નહીં હોવાની ફરિયાદો ઉઠતી જોવા મળે છે પરંતુ અત્યારે ગાંધીનગરમાં એવી હાલત છે કે કેટલીક શાળાઓ પાસે વિશાળ મેદાનો છે પરંતુ તેનું મહત્વ ના હોય તેમ તેની જાળવણી માટે ગંભીર દુર્લક્ષ સેવાય છે. સેકટર-૨૭માં મહારાણા પ્રતાપ સ્કૂલના કંપાઉન્ડમાં વરસાદી મૌસમના કારણે જંગલી ઝાડી-ઝાંખરા એટલા ઉગી નીકળ્યાં છે કે બાળકોએ કયાં રમવું તે પ્રશ્ન છે. આ મૌસમમાં જો આ જંગલી ઝાડી ઝાંખરાનો સમયસર નિકાલ નહીં કરાય તો બાળકોને ઝેરી જીવજંતુ કે સરિસૃપના દંશના ભોગ બનવું પડે તેવું જોખમ જોળાઈ રહ્યું છે.

દોઢ વર્ષથી લાપતા થઈ ગયેલો હોમગાર્ડનો દિકરો મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૧૫ ખાતેથી દોઢ વર્ષ પહેલા ૧૪ વર્ષનો બાળક લાપતા થઈ ગયો હતો. હોમગાર્ડ તરીકે સેવા આપતા જવાનના આ દિકરાની શોધખોળ દોઢ વર્ષથી ચાલી રહી હતી. દરમિયાન લાપતા દિકરાએ ફેસબુક એકાઉન્ટ ઓપન કર્યું અને પોલીસને તેનું લોકેશન મળી ગયું હતું. કલોલના સાંતેજ વિસ્તારમાંથી બાળકને ટ્રેસ કરીને પોલિસે પિતા સાથે મેળાપ કરાવી આપ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર દોઢેક વર્ષ પહેલા સે-૧૫ પાસે રહેતા અને સે-૨૧ પોલિસ સ્ટેશનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા જવાનનો ૧૪ વર્ષનો દિકરો લાપતા થઈ ગયો હતો. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાની હોસ્ટેલમાં રહેતો તેમનો ૧૪ વર્ષનો દિકરો કોઈ પ્રશ્ને મુંઝાઈ જતા ઘર અને હોસ્ટેલ છોડીને ભાગી ગયો હતો. આ મામલે સે-૭ પોલિસ મથકમાં ફરિયાદ દાખલ થવા પામી હતી તેની શોધખોળ ચાલી રહી હતી દરમિયાન બાળકે પોતાનું ફેસબુક એકાઉન્ટ શરુ કરી સોશિયલ મીડીયાનો ઉપયોગ શરૂ કર્યો હોવાની માહિતી સે-૭ પોલિસને મળતા પી.આઈ. પી.બી. ચૌહાણની ટીમના પીએસઆઈ વી.આર. પ્રજાપતિ તથા તેમના માણસોએ લોકેશન ટ્રેસ કર્યું હતું. આ બાળક કલોલ તાલુકાના સાંતેજ વિસ્તારમાં હોવાનું લોકેશન મળતા સાંતેજ જઈ બાળકને શોધી કાઢીને પોલીસે તેના પિતા સાથે મેળાપ કરાવી આપ્યો છે.

પેથાપુર મહાલક્ષ્મી નવરાત્રિ મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૬

શ્રી મહાલક્ષ્મી નવરાત્રિ યુવક મંડળ દ્વારા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ-ભાવસાર જનકભાઈ, ઉપપ્રમુખ-શર્મા સુરેશભાઈ, મંત્રી-દરજી નટુભાઈ, સહમંત્રી-સોની નટુભાઈ, ખજાનચી-દિલીપભાઈ એન. પટણી, ઓડીટર-ભાવસાર અંકિતભાઈ, મેનેજર-સુધાકરભાઈ વેલ્ડર, સલાહકાર-મંદિરના પુજારી સુરેન્દ્રભાઈની વરણી કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં કંસારા મહેશભાઈ, સોલંકી ચેતનભાઈ, ચાવડા સંજયભાઈ, પંચાલ જયેશભાઈ, ભાવસાર મીનાબેન, ભાવસાર રાજુભાઈ, ભાવસાર અમીષાબેન, સોની ગૌરાંગભાઈ તથા સોની આકાશભાઈની વરણી કરવામાં આવી હતી.

સભામાં સને ૨૦૧૬ના આવક જાવકના હિસાબ રજુ કરવામાં આવ્યા હતા તથા નવરાત્રિને સફળ બનાવવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આઈ લવ માય ગાંધીનગર



દિવ્યા પટેલ ચૈદ

ગાંધીનગર ગમે

સ્વચ્છ રસ્તા, લીલીછમ ધરા, સર્વાંગી વિકાસના કાર્યક્રમો, પરસ્પર મદદકર્તા પ્રજાજનો અને સુંદરતાને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

નગરજનો

આધ્યાત્મિક અને આધુનિક રંગે રંગાયેલા નગરજનોમાં પર્વોત્સવનો અનેરો ઉત્સાહ છે. કલા, સંસ્કૃતિ, શિક્ષણ પ્રત્યે લગાવ પણ છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

સાહિત્ય સભા, પેન્શનર મંડળ, કલા સંસ્થાઓ ગ્રો ફાઉન્ડેશન, જી ઈ ક્લબ, જ્ઞાતિ મંડળો, રોટરી, લાયન્સ ક્લબ, પ્લગ-ઈન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, શાળા-મહાશાળા સંકુલો તથા ઉદ્યાન ક્રિડાંગણોમાં થતી અનેકવિધ પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા અભિયાન, દારૂ-ગુજારબંધી, કલા પ્રત્યે જાગૃતિ, ઊર્જાની બચત, ભાઈચારો, યુવા થનગનાટને વેગ, રાજકારણીઓના કાર્યક્રમોમાં પ્રજાને બાનમાં ન લેવાય, પુસ્તક પરબો, વૃક્ષારોપણ જેવી બાબતો ધ્યાનમાં લેવાય તે જરૂરી છે.

નગર માટે હું કરી શકું

વ્યક્તિત્વ વિકાસ અને રોજગાર તેમજ ખાસ કરીને મહિલાઓ માટેના વિકાસનાં કામો માટે યોગદાન આપવા તૈયાર છું.

પલ્લીના મેળાના સુચારું આયોજન માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં આગામી તા.૨૯મી સપ્ટેમ્બરના રોજ વિશ્વ વિખ્યાત વરદાયનિ માતાજીનો પલ્લીનો મેળો રૂપાલ ગામમાં યોજાશે. આ મેળાના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી સીતશ પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર સતીશ પટેલ દ્વારા પલ્લીના મેળા દરમ્યાન રૂપાલ ગામમાં ગંદકી ન થાય તે માટે ઠેર ઠેર ડિસ્ટબીન મુકવા, ગંદકીની સાફ સફાઈ માટે ટીમો બનાવી અને પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા પણ જણાવ્યું હતું. તેમજ પલ્લીના મેળામાં પીવાના પાણી વ્યવસ્થા, શૌચાલય અંગેની વ્યવસ્થા યોગ્ય કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત મેળામાં ઘી ની કોથળીઓ પર પ્રતિબંધ રાખવા માટે ખાસ જણાવ્યું હતું. તે ઉપરાંત ડુપ્લીકેટ ઘી નું વેચાણ ન થાય તે માટે સતત ચેકીંગ કરવા અને ઘી નું વેચાણ કરનારને લાયસન્સ મેળવવા અને મેઈન રોડ પર દબાણ ન થાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. મેળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવાઈ રહે, ટ્રાફિક વ્યવસ્થા, વાહન પાર્કીગ જેવી અનેક બાબતોની ચર્ચા પણ બેઠકમાં કરવામાં આવી હતી. વાહન પાર્કિંગ માટે યોગ્ય સાફ સફાઈ કરી ત્યાં લાઈટની સુવિધા જળવાઈ રહે અને વીજ પુરવઠાના સપ્લાયમાં કોઈ તકલીફ ન ઉભી થાય તે માટે સતર્ક રહેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. મેળાના સ્થળે જવા માટે વધુ એસ.ટી. બસો મુકવા માટે પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, વરદાયનિ માતાના મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્યો સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

બીએસએફના જવાનો માટે યોગ શિબિર

યોગ થકી સ્વાસ્થ્યનું જતન આજના યુગની તાતી જરૂરિયાત બન્યું છે. યોગ માત્ર શારિરીક નહી પરંતુ માનસિક અને આધ્યાત્મિક સ્વસ્થતા આપવામાં પણ ખુબ ઉપયોગી નિવડે છે. જે એક સૈનિક માટે અત્યંત જરૂરી છે. ગાંધીનગરના ચિલોડા માર્ગ પર સ્થિત બીએસએફના ગુજરાત ફ્રન્ટિર એકમ ખાતે દિલ્હીના યોગ પરમાર્થ ટ્રસ્ટના સ્વામી હર્ષાનંદના માર્ગદર્શન હેઠળ ત્રિદિવસીય યોગ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં બીએસએફના આઈજી અજયકુમાર તોમર, ડીઆઈજી ભાટી, ડીઆઈજી આર.એસ. રાઠોડ તથા બી.કે. જહા સહિત જવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સોમવારે સોમનાથ મહાદેવ મંદિર ખાતે રૂદ્રાભિષેક યોજાશે

ગાંધીનગર, તા.૧૬

વિક્રમ સંવત ૨૦૭૩ના પવિત્ર ભાદ્રપદમાસની શિવરાત્રી નિમિત્તે ભગવાન આશુતોષની આરાધના, અર્ચન માટે રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે તા. ૧૮-૯-૧૭ સોમવારે સવારે ૯ કલાકે રૂદ્રાભિષેક ચંદ્રીકાબેન મધુસુદન પંડયા, બ્રહ્મભવન, સે-૧૬ ખાતે મહાપ્રસાદ સાથે યોજવામાં આવશે. જેની સર્વે સભ્યોએ નોંધ લઈ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

એલ.ડી.આર.પી કોલેજ ખાતે વિશ્વ ઓઝોન દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

'આપણી આવનારી પેઢીને સ્વચ્છ વાતાવરણ આપવાની આપણી ફરજ છે' મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, 'કુદરતી સંશોધનોના આપણે માત્ર ટ્રસ્ટી છીએ, માલિક નહીં.' ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના ચેરમેન ઈશ્વરભાઈ ભાવસારે આજે વિશ્વ ઓઝોન દિન-૨૦૧૭ની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન પદેથી ઉપરોકત ઉચ્ચારણો કર્યા હતા. ગાંધીનગરના સે-૧૫માં એલડીઆરપી એન્જિનીયરીંગ કોલેજના યજમાન પદે નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત વિશ્વ ઓઝોન દિન ૨૦૧૭ કાર્યક્રમનું ઉદઘાટન ગુડાના ચેરમેન આશિષ દવેએ કર્યું હતું.

આશિષ દવેએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે 'પૃથ્વી સાથે આપણો જે સંબંધ છે તેવો સંબધ પૃથ્વીનો ઓઝોન પડ સાથે છે.' આ સાથે તેમણે ગુડાના જી-બાઈક પ્રોજેકટ થકી ૭૦૦થી ૧ હજાર નાગરિકો સાયકલનો ઉપયોગ કરી પર્યાવરણના જતનમાં યોગદાન આપે છે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત જેડાના ડાયરેકટર જે.ટી. અખાણીએ સોલાર રૂફટોપ એનર્જી અંગે વિદ્યાર્થીઓનું જ્ઞાન વર્ધન કર્યું હતું જયારે પૂર્વ આઈએફએસ ભરત પાઠકે વિદ્યાર્થીઓને જીવનશૈલીના બદલાવથી પર્યાવરણ અને ઓઝોન પડનું જતન કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકરે વિદ્યાર્થીને કાર્યક્રમની થીમ મુજબ 'ઓઝોન હિરો' બનવા પ્રેરિત કર્યા હતા

કાર્યક્રમમાં કલાઈમેન્ટ ચેન્જ વિભાગના સંયુકત સચિવ મુકેશ શાહ, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ, એલડીઆરપી એન્જિનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરા ઉપરાંત ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઓઝોન પડ વિષયક ફિલ્મનું નિદર્શન પણ કરાયું હતું.

વીપીએમપી પોલિટેકનિકે પણ ઓઝોન દિવસ ઉજવ્યો

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા વીપીએમપી પોલિટેકનિક કોલેજ દ્વારા પણ ઓઝોન દિવસ નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જીપીસીબીના પર્યાવરણ ઈજનેર સૌરભ દેસાઈ, મદદનીશ પર્યાવરણ ઈજનેર્સ અલ્પાબેન ઠકકર અને એસ.આર. પટેલ ઉપરાંત પૂર્વ આઈએફએસ ભરત પાઠક જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ સહિત કોલેજના આચાર્ય આનંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પણ ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. બંને કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

ચિરવિદાય

- સ્વ. ચંદાબેન વરસંગજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. રાજુભાઈ લાલુભાઈ રાઠોડ, ઉ.વ. ૫૦
- સ્વ. સુશીલાબેન સૂર્યકાન્ત મહેતા, ઉ.વ. ૮૩
- સ્વ. વિનુભાઈ ચુનીલાલ મિસ્ત્રી, ઉ.વ. ૭૨